RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 172* Date: 20.04.2022 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કાંકરેજ ગાય, મહેસાણી ભેંસ અને બટાકાથી બનાસકાંઠાના ખેડૂતોના નસીબ બદલાયા છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# પ્રધાનમંત્રીએ એશિયાની સૌથી મોટી બનાસડેરીના સણાદર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું





પાલનપુર,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એશિયાની સૌથી મોટી બનાસડેરીના સણાદર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું પ્રધાનમંત્રીએ શંકર ચૌધરી સાથે બનાસ ડેરીના નવા પ્રકલ્પોનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ સ્ટેજ પર તેમનુ પશુપાલક મહિલાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ વેળાએ એક પશુપાલક મહિલાએ લાડીલા વડાપ્રધાનના ઓવારણા લીધા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી છે. ત્યારે પીએમ મોદીએ બનાસ ડેરીના વિવિધ પ્રોજેક્ટનું બટન દબાવીને લોકાર્પણ કર્યું.

પ્રધાનમંત્રીએ સંબોધનમાં કહ્યુ કે, મા અંબાની આ પાવન ધરતીને મારા નમન છે. જીવનમાં પહેલીવાર અવસર આવ્યો કે, એક લક્ષ્યાંક લાખો માતા-બહેનો મને આર્શીવાદ આપી રહી છે. તમે ઓવારણા લઈ રહ્યા હતા ત્યારે હું મારા મનના ભાવને રોકી શ્કયો ન હતો. તમારા આર્શીવાદ મારા માટે અનમોલ શક્તિનું કેન્દ્ર છે. બનાસની માતા-બહેનોને મારા નમન. ગત કેટલાક કલાકમાં હું ડેરીની તમામ નવી જગ્યાઓએ ગયો. અહી જે કામ થયુ તેનાથી હુ પ્રભાવિત છું. ભારતમાં ગામની અર્થવ્યવસ્થા અને માતાબહેનોના સશક્તિકરણને કેવી રીતે બળ આપી શકાય, કોઓપરેટિવ મુવમેન્ટ કેવી રીતે આત્મભારત અભિયાનને તાકાત આપી શકાય તે અહી અનુભવી શકાય છે. કાશીના મારા વિસ્તારમાં આવીને પણ બનાસ ડેરીએ ત્યાંના લોકોની સેવા કરવાનો સંકલ્પ કર્યો. હવે તેને મૂર્તરૂપ અપાયુ, તેથી કાશીના સાંસદ તરીકે હું તમારો ઋણી છું.

તેમણે કહ્યુ કે, લોકલને ગ્લોબલ બનાવવાની દિશામાં સારો પ્રયાસ છે. ઓછા વરસાદવાળા જિલ્લાની તાકાત, કાંકરેજ ગાય, મહેસાણી ભેંસ અને બટાકાથી ખેડૂતની સ્થિતિ કેવી રીતે બદલી શકાય છે તે આજે અહી જોવા મળ્યું. આજે બટાકા કમાણીનું મોટુ ક્ષેત્ર છે. મેં હંમેશા સ્વીટ રિવોલ્યુશનની વાત કરી છે. તેને પણ બનાસ ડેરીએ ગંભીરતાથી અપનાવ્યુ છે. અહીંના મગફળી અને સરસવને લઈને પણ ડેરીએ શાનદાર યોજના બનાવી છે. આજે બાયો સીએનજી પ્લાન્ટનું લોકાર્પણ કરાયું, આવા અનેક પ્લાન્ટ બનાસ ડેરી દેશભરમાં લગાવશે. કચરામાઁથી કંચનના અભિયાનને સાકાર કરશે. ગોબર ગેસથી અનેક લક્ષ્ર્યાંક મળી રહ્યા છે. સ્વચ્છતા થશે, ગોબરથી બાયો સીએનજી અને વીજળી બની રહી છે, તેમજ પશુપાલકોને આવક થાય છે, સાથે જ જૈવિક ખાધ પણ મળી રહ્યુ છે. આ પ્રકારના પ્રયાસ બનાસ ડેરીના માધ્યમથી દેશમાં પહોંચશે તો ગ્રામીણ અર્થવ્યવસ્થા મજબૂત થશે. ગામ મજબૂત થશે. ગુજરાત સફળતાની જે ઉંચાઈએ છે, તે દરેક ગુજરાતીને ગર્વ અનુભવાય છે.

ગુજરાતના શિક્ષણ સ્તર વિશે તેમણે કહ્યુ કે, આગામી પેઢી માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર મોટી તાકાત બની રહ્યુ છે. આપણી સરકારી પ્રાથમિક શાળા માટે મોટી ટેકનોલોજીનો ઉપયોગ દૂનિયા માટે અજાયબી છે. ગઈકાલે મેં તેનુ નિરીક્ષણ કર્યું. ત્યાં મેં વિદ્યાર્થીઓ, શિક્ષકો સાથે વાત કરી. આ કેન્દ્ર ગુજરાતની ૫૪ હજારથી વધુ શાળા, ૪.૫ લાખથી વધુ શિક્ષકો અને કરોડો વિદ્યાર્થીઓની તાકાતનું કેન્દ્ર બન્યુ છે. આ કેન્દ્ર શિક્ષણ ક્ષેત્રે મોટુ પરિવર્તન લાવી શકે છે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં બનાસ ડેરીના સ્થાપક ગલબાકાકાને યાદ કર્યા હતા. તેમણે કહ્યુ કે, સૌથી પહેલા બનાસની ધરતી પર આવુ તો મારુ માથુ ગલબાકાકા માટે નમે છે. ૬૦ વર્ષ પહેલા ખેડૂતના દીકરા ગલબાકાકાએ જે સપનુ જોયુ તે વિરાટ વટવૃક્ષ બની ગયું. બનાસકાંઠાના ઘરેઘરે નવી આર્થિક શક્તિ પેદા કરી. તેથી તેમને આદરપૂર્વક નમન. બીજા નમન મારી બનાસની માતા-બહેનોને, જેઓ ઘરમાં સંતાનને સાચવે તેમ પશુને સાચવે છે. માતાબહેનોની તપસ્યાને કારણે બનાસ ડેરી ફૂલીફાલી છે. જે રીતે ડેરીનો વિકાસ થયો છે, તેમાં જે બનતુ હશે તે કરીશ. બનાસ ડેરી દેશભરમાં ફેલાઈ ગઈ છે. કરોડો ખેડૂતોની આવક દૂધથી ચાલતી હોય ત્યારે દેશમા સાડા આઠ લાખ કરોડનું દૂધ ઉત્પાદન દેશભરમાં થાય છે. ડેરી સેક્ટરનો સૌથી વધુ લાભ નાના ખેડૂતને મળે છે. વિપરીત પરિસ્થિતિમાં પશુપાલન કરીને પરિવારનું પેટ ભરી શકાય છે. ડેરીએ નાના ખેડૂતોની મોટી ચિંતા કરી છે. ખેડૂતોની ચિંતા લઈને મેં દિલ્હીમાં કામ કર્યું. આજે હું ખેડૂતોના ખાતામાં સીધા રૂપિયા મોકલી આપી શકુ છું. દિલ્હીથી રૂપિયા નીકળે તો જેના ઘરે પહોંચવા જોઈએ ત્યાં પહોંચે છે.

તેમણે કહ્યુ કે, બનાસકાંઠા એકવાર જે સમજી લે, પછી ક્યારેય તેને છોડે નહિ. હવે નર્મદા પણ અહી પહોંચી ગઈ છે. જો અહી તળાવો બનાવશો તો તમે પાણીની સમસ્યામાંથી બહાર આવી શકશો. સાથી તરીકે હું તમારા પડખે ઉભો છું. હવે નડાબેટ ટુરિઝમનું કેન્દ્ર બન્યુ છે. સરહદ પર ટુરિઝમનું ઉદાહરણ ગુજરાતે પૂરુ પાડ્યુ છે. નડાબેટ પર સીમાદર્શન શરૂ થતા બનાસ અને પાટણ જિલ્લાના છેવાડાના ગામ ધમધમતા થઈ જશે. રોજીરોટીના અવસર પેદા થશે.

સીઆર પાટીલે સંબોધનમાં કહ્યુ કે, આ બહેનો રાજકુમારી જેવી છે. બનાસકાંઠાની બહેનો કોઈ પાણી માંગે તો દૂધ આપે તેવી છે. અહી પાણીની અછતને કારણે ખેતી અને ધંધો ઓછો હતો. પણ તમે શ્વેતક્રાંતિ કરીને જે તાકાત ઉભી કરી છે તેના માટે અભિનંદન. સાથે જ બનાસ ડેરીએ જો આ સુંદર આયોજન કર્યુ ન હોત અને પશુપાલકોના દૂધને યોગ્ય રીતે વેચાણની વ્યવસ્થા ન કરી હોત તો આ શક્ય ન હોત. આ પ્લાન્ટમાં બટાકા નાંખશો તો સોનુ નહિ નીકળે, પણ ચિપ્સ બનશે અને ચિપ્સ વેચીને તમે સોનુ ખરીદી શકશો. બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીએ આ પ્રસંગે કહ્યુ હતું કે, પીએમ મોદીએ આવીને બનાસકાઁઠા જિલ્લાનુ માન વધાર્યુ છે. તમે જ્યારે આવ્યા છો ત્યારે અહીના લોકોને નવુ વિઝન આપ્યુ છે. નવા વિચારો આપ્યા છે, જેથી અહીંનો વિકાસ થયો છે. તમે વિઝન આપ્યુ હતુ કે, પાણી બનાસની સમસ્યા છે. સીધેસીધી વાત તેમણે કહી હતી, ત્યારે આજે બનાસવાસીઓને આ વાત સાચી લાગે છે. ખેતીમાં તેમણે નવુ વિઝન આપ્યું, જેથી ઉત્પાદન વધ્યુ. સાથે જ મધુમાખી પાલનના તેમના વિચારથી પણ અહીંના લોકો સુખી થયા છે.

## જામનગરમાં ગ્લોબલ સેન્ટર શ્રેષ્ઠતાનું કેન્દ્ર બનશે : ડબ્લ્યુએચઓના નિર્દેશક

નવીદિલ્હી,તા.૧૯

ડબ્લ્યુએચઓના દક્ષિણ-પૂર્વ એશિયા માટેના પ્રાદેશિક નિર્દેશક ડૉ. પીકે સિંહે ભારત સરકારની પ્રશંસા કરી હતી. તેમણે ડબ્લ્યુએચઓ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનું આયોજન કરવા બદલ સરકારની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક આરોગ્ય અને સુખાકારીને આગળ વધારવા માટે પરંપરાગત દવાઓની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવાનો આ એક ખૂબ જ મહત્વપૂર્ણ પગલું છે.

તેમણે આશા વ્યક્ત કરી હતી કે જામનગરમાં આ ગ્લોબલ સેન્ટર શ્રેષ્ઠતાનું કેન્દ્ર બનશે, જે તથ્યોનો ઉપયોગ કરવાની અને મેડિકલ સાયન્સ શીખવાની પરંપરાને પ્રોત્સાહન આપશે. આ સાથે, તે સુરક્ષિત, અસરકારક અને પુરાવા આધારિત પરંપરાગત દવાઓ પહોંચાડવામાં મદદરૂપ સાબિત થશે. આ સાથે, તેમણે કહ્યું કે આ કેન્દ્ર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પ્રણાલીઓમાં પરંપરાગત દવાઓના આંતર-બનાવટને સરળ બનાવવામાં મદદરૂપ સાબિત થશે. તે તમામ ઉંમરના લોકો માટે સ્વસ્થ જીવન સુનિશ્ચિત કરવા અને સુખાકારીને પ્રોત્સાહન આપવાના એસડીજી ૩ ધ્યેયને આગળ વધારવા માટે પ્રાચીન શાણપણનો લાભ લેવા માટે આધુનિક વિજ્ઞાનનો ઉપયોગ કરશે. નોંધનીય છે કે કેન્દ્રની મોદી સરકારે દેશના વિવિધ પ્રદેશોમાં પ્રચલિત પ્રાચીન સારવાર પદ્ધતિને માન્યતા આપી છે, સાથે જ નવી વૈજ્ઞાનિક પદ્ધતિ સાથે તાલમેલ સાધીને પ્રાચીન સારવાર પદ્ધતિને નવા રંગમાં રજૂ કરવાની તૈયારી કરી છે. જેથી કરીને ભારતીય પદ્ધતિને વૈજ્ઞાનિક રીતે સાબિત કરી શકાય અને વિશ્વભરમાં લોકપ્રિય બનાવી શકાય.

## અમરનાથ યાત્રા પર હુમલાની આતંકીઓની ધમકી

શ્રીનગર,તા. ૧૯

અમરનાથની વાર્ષિક તીર્થયાત્રાને લઇને દેશભરના શ્રધ્ધાળુઓમાં ઉત્સાહ છે અને તેને લઇને સરકાર દ્વારા તૈયારી કરવામાં આવી રહી છે ત્યારે હતાશ આતંકવાદીઓએ તીર્થયાત્રા પર હુમલાની ધમકી આપી છે. આ ધમકી કાશ્મીરમાં આતંકવાદનો નવા પર્યાય બનેલા લશ્કર એ તૈયબાની હિટ સ્કવોડ કહેવાતા આતંકી સંગઠન ધી રેજિસ્ટેમ્સ ફ્રન્ટ (ટીઆરએફ)એ આપી છે. ટીઆરએફની આ ધમકી ભરી પોસ્ટ ઈન્ટરનેટ મીડિયા પર વાઈરલ થઇ છે. જેમાં શ્રધ્ધાળુઓને યાત્રાથી દૂર રહેવા અને ખૂન ખરાબાની ચેતવણી અપાઈ છે.

## બોરિસ જોન્સનની ભારત મુલાકાત પહેલા સરકારની ચિંતા વધી, રમખાણોને લઈને સુરક્ષા એજન્સીઓનું એલર્ટ

નવીદિલ્હી,તા.૧૯

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સનની ભારત મુલાકાતે સરકારની ચિંતા વધારી દીધી છે. તેનું મુખ્ય કારણ રાજધાની દિલ્હીમાં હિંસા બાદ ચાલી રહેલ તણાવ છે. અહેવાલ છે કે ૨૨ એપ્રિલે દિલ્હીમાં યોજાનારી પીએમ મોદી અને તેમના બ્રિટિશ સમકક્ષની બેઠક દરમિયાનની સ્થિતિને લઈને સરકાર ચિંતિત છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને એજન્સીઓ પણ તૈયાર છે. ખાસ વાત એ છે કે ૧૬ એપ્રિલે દિલ્હીના જહાંગીરપુરીમાં એક સરઘસ દરમિયાન હિંસા ભડકી હતી. ત્યારથી આ વિસ્તારમાં સ્થિતિ તંગ બની છે.રિપોર્ટ્સમાં સૂત્રો દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે સરકાર ચિંતિત છે કે ૨૨ એપ્રિલે જોન્સનની ભારત મુલાકાત દરમિયાન કોઈ તોફાનો કે અપ્રિય ઘટના ન બને. ડાઉનિંગ સ્ટ્રીટ દ્વારા જારી કરાયેલા અગાઉના નિવેદન અનુસાર, ‘‘આ પ્રવાસ ગુરુવારે (૨૧ એપ્રિલ) અમદાવાદમાં બિઝનેસ મીટિંગ અને વાણિજ્ય, વેપાર અને ભારત અને બ્રિટનના લોકો વચ્ચેની લિંક સાથે શરૂ થશે.’’

તેમાં વધુમાં ઉમેર્યું હતું કે, ‘આ પ્રથમ વખત બનશે કે જ્યારે કોઈ બ્રિટિશ પીએમ ભારતના પાંચમા સૌથી મોટા રાજ્ય એવા ગુજરાત પહોંચશે.’ ગુજરાતમાં, જહોન્સન યુકે અને ભારતમાં ઉદ્યોગોમાં મોટા રોકાણની તેમજ નવા વિજ્ઞાન, આરોગ્ય અને ટેકનોલોજી પ્રોજેક્ટ્સની જાહેરાત કરે તેવી અપેક્ષા છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘યુકેના વડાપ્રધાન ત્યારબાદ શુક્રવારે ૨૨ એપ્રિલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવા નવી દિલ્હી જશે.’’ નેતાઓ યુકે અને ભારતની વ્યૂહાત્મક સુરક્ષા, રાજદ્વારી અને આર્થિક ભાગીદારી પર ઉંડાણપૂર્વક ચર્ચા કરશે. આ ચર્ચાનો ધ્યેય ભારત-પેસિફિકમાં અમારી ગાઢ ભાગીદારીને સુધારવા અને સુરક્ષા સહાયતા વધારવાનો છે.

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત પ્રવાસ દરમિયાન દિલ્હીમાં રમખાણો થયા હતા. હાલના તબક્કે, એવા અહેવાલ છે કે સુરક્ષા એજન્સીઓ જોન્સનની બે દિવસીય મુલાકાત દરમિયાન કોઈપણ પ્રકારના તોફાનોને લઈને ચિંતિત છે. કહેવામાં આવી રહ્યું છે કે એજન્સીઓને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે.

### નજફગઢ વિસ્તારમાં તાપમાન ૪૩ ડિગ્રી

## દિલ્હી સહિત ઉત્તર ભારતમાં ભીષણ લૂનો પ્રકોપ યથાવત

નવીદિલ્હી,તા.૧૯

દેશમાં ઉત્તર ભારતમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત છે અને આગામી ૨૪ કલાક પણ હવામાન આ વિસ્તારોમાં આવુ જ રહેશે. લૂના કારણે દિલ્લીવાળાઓને ગરમીથી બુધવારે પણ રાહત નહિ મળે. દિલ્લીના નજફગઢ વિસ્તારમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયુ છે. ભારતીય હવામાન વિભાગ(આઈએમડી) મુજબ પંજાબ, હરિયાણા, દિલ્લી, દક્ષિણ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઓરિસ્સા, ઝારખંડ, પશ્ચિમ મધ્ય પ્રદેશ અને વિદર્ભના અલગ-અલગ ભાગોમાં લૂની સ્થિતિ સંભવ છે. આ વિસ્તારોમાં હાલમાં ગરમીથી



કોઈ રાહત મળવાની નથી.

આઈએમડીના જણાવ્યા મુજબ આગલા ૨૪ કલાક દરમિયાન સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, કેરળ, આંતરિક તમિલનાડુ અને દક્ષિણ કર્ણાટકમાં એક કે બે સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. પૂર્વોત્તર ભારતના બાકીના ભાગો, દક્ષિણ મધ્ય મહારાષ્ટ્રના અમુક ભાગો, ઉત્તર આંતરિક કર્ણાટક અને તેલંગાના, આંધ્ર પ્રદેશ, દક્ષિણ છત્તીસગઢ, અંદમાન અને નિકોબાર દ્વીપ સમૂહ અને પશ્ચિમી હિમાલયના અલગ-અલગ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. વળી, પંજાબ અને ઉત્તર પશ્ચિમી રાજસ્થાનના અમુક ભાગોમાં ગાજવીજ સાથે છાંટા કે હળવી ધૂળ ભરેલી આંધી આવી શકે છે. આજની વેધર સિસ્ટમ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર પાકિસ્તાન અને તેની પાસેના વિસ્તારોમાં બનેલુ છે. વળી, ઉત્તર પશ્ચિમી રાજસ્થાન પાસેના વિસ્તારોમાં એક ચક્રવાતી હવાઓનુ ક્ષેત્ર પણ બનેલુ છે. વિદર્ભથી તેલંગાના થઈને આંતરિક કર્ણાટક સુધી એક ટ્રફ રેખા બનેલી છે. આ ઉપરાંત વધુ એક ચક્રવાતી હવાઓનુ ક્ષેત્ર દક્ષિણ અરબ સાગરના મધ્ય ભાગ પર બનેલુ છે. વળી, ચક્રવાતી હવાઓનુ ક્ષેત્ર આંધ્ર પ્રદેશ અને ઉત્તરી તમિલનાડુ તટથી દૂર દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીના પશ્ચિમ ભાગો પર બનેલુ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન આસામ, મેઘાલય અને સિક્કિમમાં અમુક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થયો છે. વળી, તમિલનાડુ, કેરળ અને પૂર્વોત્તર ભારતના બાકીના ભાગોમાં એક કે બે તેજ વરસાદ સાથે છૂટછવાયો હળવાથી મધ્યમ વરસાદ થયો. સિક્કિમ અને છત્તીસગઢના દક્ષિણ ભાગોમાં અલગ-અલગ કરાવૃષ્ટિની ગતિવિધિઓ જોવા મળી છે. આંતરિક કર્ણાટક, ઉત્તર તટીય ઓરિસ્સા, ગંગીય પશ્ચિમ બંગાળ અને દક્ષિણ છત્તીસગઢમાં છૂટોછવાયો વરસાદ થયો.પશ્ચિમ રાજસ્થાન, પશ્ચિમ ઝારખંડ અને દિલ્લીના અલગ-અલગ ભાગોમાં લૂની સ્થિતિ જોવા મળી છે.

## દેશમાં કોરોનાના છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૨૪૭ કેસ

નવીદિલ્હી,તા.૧૯

કોરોના વાયરસના મોરચે દેશ માટે રાહતના સમાચાર છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કેસમાં મોટો ઘટાડો નોંધાયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧,૨૪૭ નવા કેસ નોંધાયા છે. આ પહેલા સોમવારે ભારતમાં કોરોનાના ૨૧૮૩ નવા કેસ નોંધાયા હતા. એટલે કે દેશમાં કોરોનાના કેસોમાં ૪૩ ટકાનો ઘટાડો નોંધાયો છે.

સોમવારે, કોરોનાના કેસોમાં ૯૦ ટકાથી વધુનો ઉછાળો આવ્યો. આજે સવારે ૮ વાગ્યે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા અપડેટ કરવામાં આવેલા ડેટા અનુસાર, ભારતમાં COVID-19 કેસની કુલ સંખ્યા વધીને ૪,૩૦,૪૫,૫૨૭ થઈ ગઈ છે, જ્યારે સક્રિય કેસ વધીને ૧૧,૮૬૦ થઈ ગયા છે. દેશમાં કોરોનાને કારણે અત્યાર સુધીમાં ૫,૨૧,૯૬૬ લોકોના મોત થયા છે.

નોંધપાત્ર વાત એ છે કે, ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ દેશમાં સંક્રમિત લોકોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા.

૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ગયા વર્ષે, ૪ મેના રોજ, સંક્રમિતોની સંખ્યા ૨૦ મિલિયનને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ ના રોજ, તે ૩૦ મિલિયનને વટાવી ગઈ હતી. આ વર્ષે ૨૬ જાન્યુઆરીએ કેસ ચાર કરોડને વટાવી ગયો હતો.

## તંત્રી સ્થાનેથી...

# કાયદાના શાસનનો પડકાર

હજુ રામનવમી પર દેશના વિભિન્ન ભાગોમાં શોભાયાત્રાઓ પર હુમલાની શાહી હજુ સૂકાઈ પણ ન હતી કે દિલ્હીમાં હનુમાન જન્મોત્સવ પર કાઢવામાં આવેલ શોભાયાત્રા પર પણ હુમલો કરવામાં આવ્યો. આ પ્રકારની હિંસા હરિદ્વારમાં પણ થઈ હતી અને આંધ્ર તથા કર્ણાટકનાં શહેરોમાં પણ. તેના પહેલાં હિંદુ નવા વર્ષ પ્રસંગે પણ હિંસક ઘટનાઓ બની ચૂકી છે, જેમાં રાજસ્થાનના કરોલીની ઘટનાના પડઘા તો હજુ પણ સંભળાઈ રહ્યા છે. આવી ઘટનાઓ સામાજિક તાણાવાણાને ક્ષતિ પહોંચાડવાની સાથે જ કાયદો અને વ્યવસ્થા સમક્ષ પડકાર પણ ઊભો કરે છે. એનાથી ખરાબ વાત બીજી શી હોય કે શાંતિ અને સદ્ભાવનો સંદેશ આપનારા પર્વો અને તેની સાથે જોડાયેલા આયોજનો હિંસાનો શિકાર થાય? ધ્યાન રહે કે જ્યારે એવું થાય છે તો વેર વધવાની સાથે દેશની છબિ પર પણ ખરાબ અસર પડે છે એ ચિંતાની વાત છે કે આ એક ચલણ બનતું જાય છે કે જ્યારે પણ જાહેર સ્થળો પર કોઈ ધાર્મિક આયોજન થાય છે ત્યારે પહેલાં કોઈ વાતને લઈને વિવાદ થાય છે અને પછી હિંસા શરૂ થઈ જાય છે. કેટલીય વાર તો આ હિંસા મોટા પાયે અને કોઈ સુનિયોજિત કાવતરા અંતર્ગત થતી હોવાનું દેખાય છે. મધ્ય પ્રદેશના ખરગોન અને ગુજરાતના હિંમતનગર તથા ખંભાતમાં થયેલ ભીષણ હિંસા એ જ સંકેત કરે છે કે તેને લઈને પૂરતી તૈયારી કરવામાં આવી હતી. દિલ્હીના જહાંગીરપુરી વિસ્તારની હિંસા પણ એ જ બાબત તરફ ઇશારો કરે છે.

કેટલીક ઘટનાઓના મૂળમાં ભડકાઉ નારા લગાવવાના આરોપો પણ જોવા મળ્યા છે. આ આરોપોની તપાસ થવાની સાથે જ એ પણ જોવું જોઇએ કે શું કેટલાક લોકો કોઈપણ બહાને ઉશ્કેરાઈ જવા અને હિંસા કરવા માટે તૈયાર જ રહે છે? વાસ્તવમાં જેમ એ એક સવાલ છે કે શું કેટલાક ધાર્મિક આયોજનોમાં મર્યાદા અને ગરિમાનું ઉલ્લંઘન થવા લાગ્યું છે, એવી જ રીતે એ પણ સવાલ છે કે શું ગમે ત્યાં આવું થાય તો પથ્થરમારો, તોડફોડ અને આગચંપી કરવાનું જરૂરી માની લેવામાં આવ્યું છે? આ પ્રશ્નો પર પક્ષાપક્ષીના રાજકારણથી અલગ થઈને ગંભીરતા સાથે સમાજે વિચાર કરવો જોઇએ. એ જ રીતે પોલીસ પ્રશાસને પણ એ જોવું પડશે કે વૈમનસ્ય વધારનારી ઘટનાઓ કેમ વધતી જાય છે? નિઃસંદેહ સમાજે પણ એ સમજવાની જરૂર છે કે જ્યારે દેશ સામે બીજા પણ કેટલાય મોટા પડકારો છે, ત્યારે રાષ્ટ્રીય એક્તા અને સદ્ભાવને બળ આપવું સૌની પહેલી અને સહિયારી પ્રાથમિકતા બનવી જોઇએ. તાળી એક હાથે નથી વાગતી. એક વિભાજિત અને વૈમનસ્યગ્રસ્ત સમાજ ના તો પોતાનું ભલું કરી શકે છે કે ના દેશને આગળ લઈ જઈ શકે છે. સમય આવી ગયો છે કે એ મૂળ કારણો પર વિચાર કરવામાં આવે, જેને કારણે તણાવ વધારનારી ઘટનાઓ અટકી નથી રહી.

# INDIAN COAST GUARD CONDUCTING EXERCISE NATPOLREX VIII - 'A MAJOR STEP TOWARDS CLEANER SEAS'



Tuesday, 19 April 2022

The Indian Coast Guard is conducting the eighth edition of the National Level Pollution Response Exercise, codenamed NATPOLREX-VIII from 19-20 April 2022 off Mormugao harbour, Goa. The unique marine spill preparedness exercise was inaugurated by Dr. Ajay Kumar, IAS, Secretary, Ministry of Defence, Government of India in the august presence of Dr. M Ravichandran, Secretary, Ministry of Earth Sciences (MoES) and various senior dignitaries from MoPSW, NDRF, IMD, Indian Navy and State Pollution Control Board, Goa. The event has been attended by more than 85 participants from 50 Agencies, which included 29 foreign observers from 22 friendly foreign countries and International Organisations and two Coast Guard ships from Sri Lanka and Bangladesh.

DG VS Pathania, PTM, TM, Director General Indian Coast Guard, who is also the Chairman, NOSDCP and the Competent National Authority for marine pollution at sea for SACEP MoU in the Indian waters, in his address, shared that ICG remains committed to understand and address the threats to the Region and its resources, including marine oil and chemical spill at sea. He stressed that as new vulnerabilities continue to emerge, the stakeholders must recognize the opportunity to enhance cooperation through stronger partnerships, effective coordination and exchange of best practices. It is worth mentioning that NATPOLREX VIII is being conducted congruent to marine pollution response training of 43 participants at Chennai from 18-29 April 2022, bilateral dialogue between Director General Indian Coast Guard and Director General SACEP (South Asia Cooperative Environment Programme) along with participation of ships and representatives from SACEP member States and the Colombo Security Conclave at Mumbai on 21-22 April 2022 wherein a dedicated, two day workshop, for representatives of member States is being scheduled.

Presently, as the third largest importer of crude, India receives large volume of oil through ships. Similarly, India stands sixth in the world as the major chemical importer country. Both oil and chemicals if spilled pose inherent risks to the Maritime Zones of India and the connected coastlines housing large coastal population, Marine eco-system, industries and various installations along with supporting tourism industry. Preventive measures, by the Central Coordinating Agency, Ship Owners, Oil Handling Facilities and other concerned stakeholders are thus, required to be taken to prepare for combating any likely Marine Spill.

NATPOLREX VIII aims at validating the procedures and guidelines as contained in the National Oil Spill Disaster Contingency Plan (NOSDCP) at the National and also at the Regional level under the aegis of SACEP MoU to which India is a member State. During the Exercise, various components of NOSDCP were invoked to validate and improve the contingency plans and to evaluate preparedness of the resource agencies as well as stakeholders to meet any marine spill disaster at sea. The exercise is coordinated by Indian Coast Guard encompassing assets from resource agencies and stakeholders including Ports, Oil Handling Agencies (OHAs), Coastal States/ UTs and other resource agencies. The exercise consisted of a two-day programme featuring table-top exercise, pollution response workshop on marine Oil and HNS spill followed by exercise at sea, which was reviewed by Chairman NOSDCP in presence of National and International Observers.

Dr. Md. Masumur Rahman, Director General of South Asia Cooperative Environment Programme (SACEP) and DG VS Pathania, PTM, TM, Director General Indian Coast Guard, who is also the Chairman, NOSDCP and the Competent National Authority for marine pollution at sea for SACEP MoU in the Indian waters, were also present at the occasion. Since, the Indian Coast Guard draws its mandate for response to marine spills from the Ministry of Shipping which was represented by the Additional Director General Shipping at the forum.

During the sea exercise, 13 ships and 10 aircraft from Indian Coast Guard and 01 aircraft from IAF (C-131), 02 ships from SACEP members states viz Sri Lankan Coast Guard and Bangladesh Coast Guard and 01 OSV from ONGC, assets from SCI and tugs from Mormugao Port Trust demonstrated containment cum marine spill recovery by side sweeping arms, deployment of booms and skimmers, streaming of single ship operated containment cum recovery system, firefighting drill, rescue operation, and demonstration of surface and air oil spill dispersant systems.

The exercise comes at a time when there is an increase in maritime trade due to government's initiative. Consequently, more and more vessels are handling Oil and HNS in our ports to provide for the increased demands. NATPOLREX-VIII is a Regional step in the right direction and enhances preparedness and response capability of all the stakeholders in combating marine spills. Through NATPOLREX VIII, Indian Coast Guard has once again dedicated itself to the protection and preservation of marine ecosystem for our future generations. The DGICG thanked all the international observers, national stakeholders and participants for the constructive discussions providing momentum to strengthen cooperation in Marine Pollution Response and also for their presence despite challenges of pandemic and travel restrictions.

Besides, NATPOLREX, ICG is also concurrently, conducting capacity building professional training course in Marine Oil Response and Preparedness for 45 international participants from 18 countries including member states from Indian Ocean Rim Association (IORA) at Chennai from 18-29 April 2022.

# રાષ્ટ્રપતિ રામનાથ કોંવિદે દિલ્હી કોર્પોરેશન સંશોધન બિલને મંજૂરી આપી

નવીદિલ્હી,તા.૧૯

દિલ્હીની ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશનને એક કરવા માટેનું બિલ લોકસભા અને રાજ્યસભામાં પાસ થયા બાદ હવે તેને રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ છે. રાષ્ટ્રપતિની સંમતિ મળતાં જ દિલ્હીના ત્રણેય કોર્પોરેશનને એક કરવાનું બિલ કાયદો બની ગયું છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે દિલ્હીની ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશનના એકીકરણ માટે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ (એમેન્ડમેન્ટ) એક્ટ-૨૦૨૨ને મંજૂરી આપી દીધી છે અને તેનું નોટિફિકેશન પણ બહાર પાડવામાં આવ્યું છે. આ માટે કાયદા મંત્રાલયના સચિવ ડો. રીટા વશિષ્ઠ દ્વારા આ અંગે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે લોકસભામાં પાસ થયા બાદ રાજ્યસભામાંથી આ બિલ પાસ થઈ ગયું છે. હવે રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ કાયદો બની જશે. ત્યારબાદ ત્રણેય એમસીડીનો વિલય કરી એક કોર્પોરેશન બનાવવામાં આવશે. આ સિવાય દિલ્હીમાં કોર્પોરેટરોની સંખ્યા ૨૭૨થી ઘટાડી ૨૫૦ સુધી સીમિત કરી દેવામાં આવશે. આ કોર્પોરેશન દિલ્હી કોર્પોરેશનના નામથી ઓળખાશે.

કેન્દ્ર સરકાર જ નિર્ણય કરશે કે કોર્પોરેશનમાં કેટલા કોર્પોરેટર હશે અને કેટલી સીટો અનામત રહેશે. આ સિવાય કેન્દ્ર સરકારનું પગાર તથા અન્ય સુવિધાઓ પર નિયંત્રણ હશે. નવા બિલમાં તે પણ કહેવામાં આવ્યું છે કે એમસીડી કમિશનર સીધા કેન્દ્ર સરકારને જવાબદાર હશે. કાયદો બન્યા અને એમસીડીના વિલય બાદ દિલ્હી સરકારની ભૂમિકા સીમિત થઈ જશે.

# મની લોન્ડરિંગ અને આતંકી ફન્ડિંગ ક્રિપ્ટોના બે સૌથી મોટા જોખમ : નિર્મલા સીતારમણ

નવીદિલ્હી,તા.૧૯

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ વોશિંગ્ટનમાં પહોંચી ગયા છે અને વર્લ્ડ બેંક સાથેની બેઠકમાં હાજરી આપી રહ્યા છે અને એમણે એવું બયાન આપ્યું છે કે ક્રિપ્ટો કરન્સીના બે સૌથી મોટા જોખમ છે જેમાં એક મની લોન્ડરિંગ અને આતંકી ફંડિંગ રહ્યા છે જે લગભગ તમામ દેશો માટે ચિંતાની બાબત બની શકે છે.

વોશિંગ્ટનમાં જી-૨૦ દેશોના નાણા મંત્રી ઓની બેઠક મળી રહી છે અને વર્લ્ડ બેંક સાથે પણ બેઠક યોજાઇ ગઇ છે અને તેમાં ભાગ લેવા માટે નિર્મલા સીતારમણ વોશિંગ્ટનમાં છે અને બેઠકોમાં તેમણે અલગ અલગ પ્રકારની ડિજિટલ કરન્સી ના જોખમ તરફ અંગુલી નિર્દેશ કર્યો છે.તેમણે વિશ્વના અલગ-અલગ દેશોના નાણા મંત્રીઓને એમ કહ્યું હતું કે માત્ર ભારત માટે જ ચિંતાની વાત છે તેવું નથી બલ્કે આતંકી ફંડિંગ અને મની લોન્ડરિંગ બધા જ દેશોના અર્થતંત્ર માટે જોખમી છે અને તેના માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને નિયંત્રણો મુકવા નો એક જ રસ્તો છે.

નિર્મલા એ કહ્યું હતું કે કોઈ એક દેશ એમ વિચાર કરતો હોય કે અમે એકલા હાથે આ બધી જ સમસ્યાને હલ કરી શકશુ તે શક્ય નથી બલકે વિશ્વના બધા જ દેશો એ કડક નિયંત્રણો લગાવવા જોઈએ તો જ ઉપરોક્ત બંને સમસ્યાઓને હાલ કરી શકાશે અને ડિજિટલ કરન્સી નો સદુપયોગ થાય તે પ્રકારના પ્રયાસ કરવા જરૂરી બનશે.

# એમસીડી ચૂંટણી જીતવા માટે દિલ્હીમાં હિંસાનું આયોજન કરવામાં આવી રહ્યું છેઃ સંજય રાઉત

મુંબઇ,તા.૧૯

શિવસેનાના સાંસદ સંજય રાઉતે દિલ્હીના જહાંગીરપુરી વિસ્તારમાં થયેલી હિંસા પર ભાજપ પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે રાજકીય ફાયદા માટે હિંસાની રાજનીતિ કરવામાં આવી રહી છે. હનુમાન જયંતિ અને રામ નવમી પર દેશમાં આ પહેલા ક્યારેય રમખાણો થયા નથી. તેમણે આરોપ લગાવ્યો કે નગરપાલિકાની ચૂંટણી જીતવા માટે દિલ્હીમાં હિંસાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

દિલ્હીના જહાંગીરપુરી વિસ્તારમાં હનુમાન જયંતિ પર હિંસાના મામલામાં પોલીસની કાર્યવાહી ઝડપી છે. દિલ્હી પોલીસે આ કેસમાં ચોથી ફૈંઇ નોંધી છે. સોમવારે પોલીસે આરોપી સોનુ ચિકનાની ધરપકડ કરી હતી. સોનુ ચિકના પર હિંસા દરમિયાન ફાયરિંગ કરવાનો આરોપ છે. વાસ્તવમાં, હિંસાનો વીડિયો વાયરલ થયો હતો, જેમાં એક વ્યક્તિ ફાયરિંગ કરતો જોવા મળ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયો હતો, જે બાદ પોલીસ એક્શનમાં આવી હતી અને સોનુ ચિકનાને શોધવા લાગી હતી.

વીડિયોમાં ફાયરિંગ કરતા દેખાતા સોનુ ચિકના વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. સોનુ ચિકનાની ધરપકડને સૌથી મહત્વપૂર્ણ ગણાવતા દિલ્હી પોલીસે તેને સૌથી ખતરનાક ગુનેગાર ગણાવ્યો છે. સોનુ શેખ ઉર્ફે સોનુ ચિકનાને આજે રોહિણી કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

સોનુ ચિકનાની ધરપકડ સાથે અત્યાર સુધીમાં કુલ ૨૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ ૨૧ ઉપરાંત ૩ સગીરોની પણ ધરપકડ કરવામાં આવી છે. પ્રથમ એફઆઈઆર ૧૬ એપ્રિલના રોજ નોંધવામાં આવી હતી, જેમાં વિવિધ ફોજદારી કલમો હેઠળ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. બીજી એફઆઈઆરમાં વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ વિરુદ્ધ પરવાનગી વગર સરઘસ કાઢવાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. ત્રીજી એફઆઈઆરમાં સલમાને પોલીસ પર પથ્થરમારાના કેસમાં આરોપી બનાવવામાં આવી હતી.

# સત્યની આંખે ( ભાગ-૭ )




## શિક્ષણ નું મહત્વ

શિક્ષણ એ ખૂબ જ ઉપયોગી અને મૂલ્યવાન પ્રક્રિયા છે. માનવજાતે શિક્ષણનું મહત્ત્વ સ્વીકારાયું છે.શિક્ષણ' શબ્દનો અર્થ છે,શિસ્તતા કેળવવી. બીજી રીતે કહીએ તો 'શિક્ષણ' એટલે જ 'માનસિક સંતુલન'. માનવીને ચારિત્ર્યવાન અને જગતને ઉપયોગી બનાવે તેને જ શિક્ષણ કહેવાય.શિક્ષણ વગરનો માનવ પશુ સમાન છે. શિક્ષણ જીવનનો આધારસ્તંભ છે. શિક્ષણ જ માનવનો સર્વાંગી વિકાસ કરી તેને વિદ્વાન, ચારિત્ર્યવાન અને બુદ્ધિમાન બનાવે છે. શિક્ષણ પ્રાપ્ત કરવાથી માનવ પોતાનો અને પોતાના પરિવારનો ઉત્કર્ષ કરી શકે છે. વ્યક્તિ સ્વાવલંબી બને છે, આત્મનિર્ભર બને છે. કેળવણી દ્વારા વ્યક્તિ રોજગારી મેળવી પોતાની મૂળભૂત જરૂરિયાતો અન્ન, આવાસ અને વસ્ત્રોની જરૂરિયાત સંતોષી શકે છે. પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવી ક્ષમતાનો વિકાસ થાય છે, આર્થિક રીતે સ્વાવલંબી બને છે.શાળા મહાશાળામાં જઈ માત્ર માહિતી મેળવવી કે ડિગ્રી પ્રાપ્ત કરવી એ કંઈ શિક્ષણ નથી. શિક્ષણ તો સતત આજીવન ચાલતી પ્રક્રિયા છે. જે ઔપચારિક અને અનૌપચારિક બંને રીતે પ્રાપ્ત થાય છે. શાળામાંથી મળેલ માહિતી એ જ્ઞાન નથી, એ જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન છે. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે. છતાં આપણે આ ક્ષેત્રમાં ઘણું કરવાનું બાકી છે. આજનુ શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે પરંતુ શક્તિશાળી સમૃધ્ધ ભવિષ્ય સાથે જોડતું નથી. આજે આપણે જોઈ શકીએ છીએ કે જે દેશો શિક્ષિત છે, તે જ વિકસિત છે. ભારતની વાત કરીએ તો જે રાજ્યમાં સાક્ષરતાનો દર વધારે છે, તે રાજ્યો આર્થિક અને સામાજિક દ્દષ્ટિએ આગળ છે. એ રાજ્યોમાં સામાજિક રૂઢિચુસ્તતા પણ ઓછી છે. આર્થિક દ્દષ્ટિએ સમૃદ્ધ છે. શિક્ષણ પામેલા વ્યક્તિ નવી નવી શોધો કરી રાષ્ટ્ર અને પોતાનું મૂલ્યવાન યોગદાન આપે છે. શિક્ષિત વ્યક્તિ રોજગારી મેળવી રોજગારીનું સર્જન કરી, રાષ્ટ્રના વિકાસમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે યોગદાન આપે છે.જો કે આજના યુગમાં શિક્ષણ માત્ર પરીક્ષાલક્ષી અને પુસ્તકિયું બની ગયું છે ત્યારે શિક્ષણ-કેળવણી આ બધા હેતુ સિદ્ધ કરે છે કે નહીં કે એ વિચાર માંગી લે તેવો મુદ્દો છે. શિક્ષણનું અંતિમ ધ્યેય તો બાળકનો સર્વાંગી વિકાસ કરી તેને એક સંસ્કારી અને જવાબદાર, ઉત્તમ નાગરિક બનાવવા નું જ છે. વ્યક્તિમાં સાચું પરિવર્તન લાવે તે જ સાચી કેળવણી છે.શિક્ષણ થકી વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની કાયાપલટ થાય છે. જે વ્યક્તિના અંધકારમય જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ પાથરી શિક્ષણ જ વ્યક્તિને ઉડવાની પાંખો આપે છે.

આમ, શિક્ષણનું મહત્ત્વ અનન્ય છે.સલામતી અને સલામતીનું જીવન જીવવા માટે વ્યક્તિએ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાની જરૂર છે. આ સમયમાં માત્ર શિક્ષણ ને વિશ્વ સાથે સંબંધ રાખવાનો છે, એવું નથી. અભણ વ્યક્તિએ પણ અવનવી માહિતીથી પરિચિત થવું પાડે છે, કારણ કે આજની જીવનશૈલી ની સમજ પુસ્તકો, વર્તમાન પત્રો, સામયિકો દ્વારા માનવી મેળવી શકે છે. આ જ્ઞાન મેળવવા અને માહિતી મેળવવા માટે શિક્ષણની જરૂર પડે છે.ચાણક્યે કહ્યું હતું કે, "શિક્ષણ કભી સાધારણ મનુષ્ય નહી હોતા, સર્જન ઔર પ્રલય ઉસકી ગોદ મે પલતે હૈ, સંતો-મહંતો, ઉપદેશકો અને સમાજ સુધારકો મળીને વર્ષો ની જહેમત પછી પણ જે કાર્ય નથી કરી શકતા, તે કાર્ય એક શિક્ષક સહેજ વારમાં કરી શકે છે. એક ચિંતકે કહ્યું છે કે " એક શાળા ઉઘડે છે ત્યારે દસ જેલો બંધ થાય છે." શિક્ષક એ વિદ્યાર્થીનો સહાયક અને માર્ગદર્શક છે. શિક્ષક વિદ્યાર્થીની અંદર પડેલા જ્ઞાનને બહાર કાઢી આપવાનું તેમજ તેમને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે.આજના સમયને ધ્યાનમાં લેતા સ્વીકારવુંજ રહ્યુંછે કે આવી મહામારીના વાતાવરણમાં આ નર્યા ખદખદતાં કાદવમાં કમળ બની ખીલવાનું છે.સત્વશીલ કેળવવા મા-બાપ, વાલીઓએ અને શિક્ષકો એ જ કટીબધ્ધ થવું પડશે.આમ ભારત જેવાં સ્વતંત્ર દેશમાં ખરેખર શિક્ષક અને શિક્ષણનું ખૂબ મહત્ત્વ છે. આ બંને વડે જ દેશની ઉન્નતી થઇ શકશે. દેશને માટે ઉપયોગી નીવડી શકે એવા નિષ્ઠાવાન નાગરિકોનું ઘડતર કરવાની ક્ષમતા આપણા દેશના શિક્ષકો પાસે છે. શિક્ષણ એ સંસ્કાર શિલ્પ છે. માનવીના જીવનમાં પરિવર્તન લાવી માનવીની જીવન ધૂપસળી ને મહેક્તી રાખે છે.

મીનાક્ષી રાવલ,ગાંધીનગર

## ગઝલ: વધાવી દીધો છે...

સમંદરને અંદર સમાવી દીધો છે.
ને અંગાર રાખે દબાવી દીધો છે.
હતો ભાર એને કળીનો હૃદય પર,
મૂકી એક પથ્થર હટાવી દીધો છે.
કહ્યું પાંખ કાપી હવે ઊડ આભે,
વફાનો શિરસ્તો નિભાવી દીધો છે.
હતું અશ્રુ પાંપણની કોરે લટકતું,
ન ખાળ્યું તો દરિયો વહાવી દીધો છે.
જરા કળ વળી ત્યાં પૂછે લોક આવી,
'ખુશી છે' કહી ગમ છુપાવી દીધો છે.
વળી જઈને પાછા કાં ઉછળે છે મોજાં?
હતો જે મિનારો ઉડાવી દીધો છે.
ખુશી દે કે લઈ લે, ફિકર ક્યાં હવે છે?
કહી દો કે ગમને વધાવી દીધો છે.

દેવિકા રાહુલ ધ્રુવ.અમેરિકા

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

"પડછાયો"







(૫)

NOG SS NO:004
વિષય: પડછાયો
પ્રકાર:પદ્ય
શબ્દો:૮૨
શીર્ષક: બ્રહ્માંડ

આભ કહે ધરાને,
આ મેઘ આ દામિની
આ નેત્ર આ કામિની,
ક્યારેક કરે વાત છાની,
કરે વાત તારી મારી શાની?...આભ
ધરા કહે આભને
તેઓ થકી મેઘધનુષ રચાય
બન્ને કરે વાત્યું ને નીર હર્ષાય
કંઈક તો જરૂર કાળુંધોળું રંગાય,
જો! પેલા ક્ષિતિજ સંગ ભરમાય!પધરા
બ્રહ્માંડ કહે સૌને.
મળ્યાં જીવ જીવથી કેવા મીઠાં,
એકે રચ્યું મેઘધનુષ ,
બીજાએ રચ્યું ક્ષિતિજ ,
પકડવા હાથ ઉઠ્યાં ગળે વિંટાયાં..!
ધરા નભ ઓગળ્યાં
ન મળ્યા ત્યાં પડછાયા!

જયશ્રી પટેલ

---

N.O.G. S.S. No .0102.
નામ:- રતીલાલ વાયડા
વિષય:- પડછાયો.
પ્રકાર:- ગદ્ય . (મૌલિક લેખ.)
શીર્ષક:- વાત્સલ્ય.
રચના:-

આપણા જન્મથી શરૂ કરીઅને છેક યુવાન થાય અને શિક્ષણ પ્રાપ્ત કર્યા ત્યાં સુધી આપણો પડછાયો આપણા માતા-પિતા અને કુટુંબીજનો બને છે .તેઓની મદદ વિના આપણું જીવન શક્ય નથી.

માતા-પિતા દાદા-દાદી કુટુંબના વડીલો નો અને ભાઈઓ ,બહેનો અન્ય કુટુંબીજનો વગેરેના સાથ-સહકારથી આપણું જીવન આગળ વધે છે. તેઓનું માર્ગદર્શન તેઓની મદદ વગેરેથી આપણું જીવન વધારે સુશોભિત બને છે. તેઓ આપણા સાચા પડછાયા છે.

શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી સારી નોકરી અથવા ધંધામાં વ્યક્તિ જોડાઈ જાય .તેઓનું દાંપત્ય જીવન શરૂ થાય ,ત્યારે પત્ની તેનો પડછાયો બની અને સાથે રહે છે અને દરેક સુખ-દુ:ખમાં ભાગ લેછે.

નોકરીમાં જો હોય તો ઉપરી અધિકારી ની મદદથી આપણે સારું માર્ગદર્શન અને આગળ વધવાની તક મળે છે .જ્યારે ધંધામાં પણ બીજા લોકોના સહકારથી ધંધાનો વિકાસ થઈ શકે છે. આ ઉપરાંત આપણા મિત્રો ,સગા ,સંબંધીઓ, પડોશી પણ આપણો પડછાયો બનીને અને દરેક વખતે સુખ-દુઃખમાં તેઓ સાથ સહકાર આપે છે અને આપણી મુશ્કેલી હળવી કરે છે.

લગ્ન બાદ સંતાનનો ઉછેર તેઓનો શિક્ષણ વગેરેમાં પણ માતા પિતા બનીને આપણે તેનો પડછાયો બનતા રહ્યા છીએ ,અને તેઓ સફળતાના શિખરો શર કરે એ તેવી આપણી ઇચ્છા અને પ્રયત્નો હોય છે.

આમ જીવનના દરેક ક્ષેત્રમાં જુદી જુદી રીતે લોકો આપણો પડછાયો બને અને આપણે છાયા આપે છે મદદ કરે છે અને સુખ દુ:ખમાં ભાગ લેછે તેથી આપણું જીવન આનંદથી વ્યતીત થઈ શકે છે .તેઓનું ઋણ પણ આપણે સમયે-સમયે અદા કરતા હોઈએ છીએ.

પડછાયા વિનાનું જીવન વેરાન લાગે છે.

રતીલાલ વાયડા, નવી મુંબઈ.

## પાકિસ્તાનમાં અંધારપટ

# વિદેશમાંથી કોલસો ખરીદવાના પૈસા ખતમ, વીજ પુરવઠો અટકી ગયો

ઈસ્લામાબાદ,તા.૧૯

શ્રીલંકાની જેમ પાકિસ્તાનમાં પણ વીજળીનું સંકટ ઘેરૂં બની રહ્યું છે. પાકિસ્તાનમાં ઘરો અને કારખાનાઓને આપવામાં આવતી વીજળી પર કાપ મૂકવામાં આવી રહ્યો છે. તેનું કારણ એ છે કે, શ્રીલંકાની જેમ પાકિસ્તાન પણ વિદેશી ચલણની અછતથી ઝઝૂમી રહ્યું છે. આ અછતનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, પાકિસ્તાન અન્ય દેશો પાસેથી કોલસો કે, કુદરતી ગેસ ખરીદવાની સ્થિતિમાં નથી જેના કારણે પાવર પ્લાન્ટની કામગીરી પ્રભાવિત થઈ રહી છે.

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને કારણે પુરવઠામાં વિક્ષેપને કારણે લિક્વિફાઈડ નેચરલ ગેસ અને કોલસાના ભાવ ગયા છેલ્લા મહિનાથી રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા હતા. અહેવાલ પ્રમાણે કિંમતોમાં આ વધારાને કારણે દક્ષિણ એશિયાઈ દેશને સ્પોટ માર્કેટથી ઈંધણ ખરીદવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

પાકિસ્તાનના નવનિયુક્ત નાણાપ્રધાન મિફતાહ ઈસ્માઈલની ટ્વિટર પોસ્ટ અનુસાર દેશમાં ઈંધણની અછતને કારણે ૧૩ એપ્રિલ સુધી ૩,૫૦૦ મેગાવોટ વિજળી પ્લાન્ટ બંધ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ટેકનિકલ ખામીઓને કારણે સમાન ક્ષમતાના પ્લાન્ટ ઓફલાઈન છે. કરાચીમાં આરિફ હબીબ લિમિટેડના સંશોધનના વડા તાહિર અબ્બાસના જણાવ્યા પ્રમાણે ૭,૦૦૦ મેગાવોટ દેશની કુલ વીજ ઉત્પાદન ક્ષમતાના લગભગ ૨૫ ટકા છે.

વીજળીની અછતને કારણે પાકિસ્તાનના નવા વડાપ્રધાન શાહબાઝ શરીફ સામે પડકારો વધી ગયા છે. તેનું કારણ એ છે કે, દેશ પહેલેથી જ આર્થિક પડકારોથી ઘેરાયેલો છે.

શરીફને દેશના નવા ઉર્જા મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા નથી. પાકિસ્તાન પોતાની ઉર્જા જરૂરિયાતો માટે મુખ્યત્વે આયાત પર નિર્ભર છે અને ઈંધણના વધતા ભાવની અસર આ દેશમાં જોવા મળી રહી છે.

# યુક્રેન-રશિયા યુદ્ધના ૫૫માં દિવસે રશિયાએ બીજા ચરણની લડાઇ શરૂ કરી દીધી

કીવ,તા.૧૯

યુદ્ધના ૫૫માં દિવસે યુક્રેને કહ્યું છે કે રશિયાએ હવે યુદ્ધનો બીજો તબક્કો શરૂ કરી દીધો છે અને આ લડાઈનો હેતુ યુક્રેનને અનેક ભાગોમાં વહેંચવાનો છે. યુક્રેને દાવો કર્યો છે કે રશિયન સેનાએ પૂર્વ ભાગમાં સૌથી ખરાબ લડાઈ શરૂ કરી દીધી છે અને રશિયન સેના ડોનબાસ ક્ષેત્રમાં ભીષણ હુમલા કરી રહી છે, જેના કારણે યુક્રેનની સેનાને ભારે નુકસાન થઈ રહ્યું છે. વિશ્લેષકોનું કહેવું છે કે રશિયાએ હવે યુદ્ધનો અંતિમ તબક્કો શરૂ કરી દીધો છે અને હવે તે આગામી થોડા દિવસોમાં યુક્રેનને અનેક ભાગોમાં વહેંચી દેશે. પૂર્વ યુક્રેનને અલગ કરશે રશિયા ન્યૂઝ એજન્સી રોયટર્સના રિપોર્ટ અનુસાર, સ્થાનિક મીડિયાનું કહેવું છે કે રશિયન સેના ડોનેસ્ક ક્ષેત્રના સરહદી વિસ્તારોમાં ખૂબ જ જોરદાર વિસ્ફોટ કરી રહી છે.

સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, રશિયન દળો મેરીકા, સ્લાવ્યાન્સ્ક અને ક્રેમેટોર્સ્કમાં ભારે ગોળીબાર કરી રહ્યા છે. ડોનબાસની લડાઈ યુક્રેનના રાષ્ટ્રપતિએ જાહેરાત કરી છે કે પૂર્વી યુક્રેનના ડોનબાસમાં ભીષણ લડાઈ શરૂ થઈ ગઈ છે. યુક્રેનના રાષ્ટ્રપતિએ તેમના રાત્રિના સંબોધનમાં કહ્યું કે, 'સમગ્ર રશિયન સેનાનો ખૂબ મોટો હિસ્સો હવે ખૂબ જ આક્રમકતા સાથે ડોનબાસની લડાઈમાં રોકાયેલ છે'. તેણે કહ્યું કે, હવે તેનાથી કોઈ ફરક પડતો નથી, ડોનબાસમાં યુદ્ધ લડવા માટે તેઓ કેટલા સૈનિકો મોકલે છે, કારણ કે અમે લડીશું. અમે પોતાનો બચાવ કરીશું. તેણે કહ્યું છે કે યુક્રેન પોતાનો બચાવ કરશે. તે જ સમયે, રશિયાના સૌથી સુરક્ષિત શહેર લ્વિવમાં પ્રથમ વખત ભયાનક વિસ્ફોટ કરવામાં આવ્યા છે. સોમવારે થયેલા ભયાનક વિસ્ફોટમાં સાત લોકોના મોત થયા છે. હુમલા બાદ લ્વિવ શહેરના મેયર એન્ડ્રે ઈવાનોવિચ સડોવીએ કહ્યું કે દેશમાં હવે કોઈ સુરક્ષિત કે અસુરક્ષિત સ્થળ નથી.

બિડેન યુક્રેનમાં લડાઈના બીજા તબક્કાની શરૂઆત પછી, યુએસ પ્રમુખ જો બિડેન સહયોગી દેશો સાથે વાતચીત કરશે. જોકે, વ્હાઈટ હાઉસ તરફથી સ્પષ્ટતા કરવામાં આવી છે કે રાષ્ટ્રપતિ બિડેનની યુક્રેનની મુલાકાત લેવાની કોઈ યોજના નથી.

તે જ સમયે, એવા અહેવાલો છે કે રશિયન સૈનિકોએ ખાર્કિવ, ઝાપોરિઝ્ઝ્યા, ડોનેટ્સક અને ડિનિપ્રોપેટ્રોવસ્ક પ્રદેશો અને માયકોલાઈવ બંદરમાં લશ્કરી સુવિધાઓને નિશાન બનાવીને રાત્રે ભયાનક હુમલા કર્યા હતા, જેની રશિયન સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ કરી હતી. યુક્રેને પોતે કહ્યું છે કે રશિયાએ યુદ્ધનો બીજો તબક્કો શરૂ કરી દીધો છે, પરંતુ યુક્રેનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સેક્રેટરી ઓલેકસી ડેનિલોવે કહ્યું કે, 'અમે અમારા કોઈપણ પ્રદેશને છોડીશું નહીં'. તેમણે કહ્યું કે, સવારના હુમલામાં, તેઓએ યુક્રેનિયન સૈન્યની સાર્વજનિક લાઈનને તોડવાનો પ્રયાસ કર્યો હતો જે ડોનેટ્સક, લુહાન્સ્ક અને ખાર્કિવ પ્રદેશોનો બચાવ કરે છે, પરંતુ સદનસીબે અમારા દળો હજુ પણ પકડ બનાવી રાખી છે અને યોગ્ય જવાબ આપી રહ્યા છે. મેરીયુપોલમાં ભીષણ લડાઈ રશિયાની સેના હવે યુક્રેનને ત્રણ ભાગમાં વહેંચવા માંગે છે. જેમાં એક ભાગ ડોનબાસ પ્રદેશ છે, બીજો ભાગ મેરીયુપોલ છે અને ત્રીજો ભાગ યુક્રેનનો બાકીનો ભાગ છે.

## કામનાઓનો ત્યાગ કરવાથી જ સહજ જીવન જીવી શકાય છે..

એક વેપારીનો ખુબ જ સારો વ્યવસાય ચાલતો હતો,ભૌતિક સંપત્તિ પણ પુષ્કળ હતી.એકવાર તેને ચિંતા સતાવે છે તેથી ઉંઘ આવતી નથી.ઉંઘ ન આવવી એક બિમારી છે.વ્યકિત પથારીમાં પડતાં જ સૂઈ જાય છે તે શારીરિક દ્રષ્ટિએ સારૂં છે પરંતુ કેટલાયે લોકો એવા પણ હોય છે જેમને ઘણા સમય પછી ઉંઘ આવે છે પરંતુ જયારે ઉંઘ આવે છે ત્યારે સારી આવી જાય છે.આવી ઉંઘ ચિંતાનો વિષય નથી પરંતુ જો સૂવાના સમયે ઉંઘ ન આવે તો એ સ્થિતિ ખતરનાક થઈ શકે છે, તે સ્થિતિને અનિંદ્રા કહે છે એ સ્થિતિ વિચારવા જેવી છે.યુવાન અવસ્થામાં અનિંદ્રામાં કારણો શોધવા, હૃદયની પરેશાની, તાવ, માનસિક તનાવ, શારીરિક તકલીફ, સારી કે ખરાબ ઉત્તેજના ચિંતા, ઊંચા લોહીનું દબાણ,ઈન્ફેકશન વગેરે કોઈપણ કારણ હોઈ શકે છે. ચિંતા તનાવ વગેરે માટે કોઈને પણ ખૂલ્લાં દિલથી વાત કરવાનું લાભદાયક હોય છે.વૃદ્ધાવસ્થામાં ઉંઘની ઓછી જરૂર હોય છે.ઉંઘ વિના માણસ જીવી શકે નહીં.રાત્રી દરમિયાન કામ કરનાર લોકો લાંબે ગાળે ઉંઘની સમસ્યાઓનો શિકાર બને છે પરંતુ એક અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે માણસની જેમ ઉંમર વધે તેમ ઉંઘની જરૂરીયાત ઘટે છે.શેઠના પત્ની પતિનો ચહેરો જોઇને સમજી ગઇ કે કોઇ ચિંતાથી મારા પતિ દુ:ખી છે.ચહેરો વાંચવાની પણ એક કળા હોય છે.હૃદયના ભાવ ચહેરા ઉપર પ્રતિબિંબિત થાય છે.પત્નીએ પુછ્યું કે કયા કારણોસાર આપ ચિંતિત છો? ત્યારે વેપારી કહે છે મારી ચિંતાનું કારણ એ છે કે જો આપણો બધો જ કારોબાર બંધ થઇ જશે તો આપણી શું દશા થશે? મેં હિસાબ કર્યો તો આપણી આવનાર સાત પેઢીને ચાલે તેટલું ધન આપણી પાસે છે પણ જો આપણો કારોબાર બંધ થઇ જશે તો આવનારી આઠમી પેઢી શું ખાશે? આ ચિંતાથી હું બેચેન છું.

પત્નીએ કહ્યું કે આપ ચિંતા ના કરશો આપ આજે આરામથી સૂઇ જાઓ,આવતી કાલે આપણે એક સંત પાસે જઇશું અને તમારી સમસ્યાનું નિરાકારણ મેળવીશું.પ્રથમવાર કોઇ સંત પાસે જતા હોવાથી બીજા દિવસે સંત માટે અન્ન-ફળ વગેરે લઇ ગાડીમાં મૂકી સંતના આશ્રમમાં પહોંચે છે.

સંત તો અંતર્યામી હોય છે.પતિ-પત્ની બંન્ને આશ્રમમાં જઇ સંતોના શ્રીચરણોમાં પ્રણામ કરી સાથે લાવેલ અન્ન-ફળ અર્પણ કરે છે ત્યારે મહાત્માજી પોતાના શિષ્યને કહે છે કે આશ્રમની અંદર જઇ ગુરૂમાતાને પુછો કે હાલમાં આપણી પાસે કેટલું અન્ન ઉપલબ્ધ છે.શિષ્યે ગુરૂમાતાને પુછીને જવાબ આપ્યો કે ગુરૂજી.. આજ રાત્રિનું ભોજન બને તેટલું અન્ન અને સામાન ઉપલબ્ધ છે.ત્યારે મહાત્માએ શેઠાણીને કહ્યું કે માફ કરજો, અમે તમારી ભેટનો સ્વીકાર કરી શકીએ તેમ નથી કારણ કે અમોને તેની આવશ્યકતા જ નથી. શેઠાણીએ ખુબ આગ્રહ કર્યો ત્યારે મહાત્માએ કહ્યું કે આજ રાતનું આશ્રમવાસીઓનું ભોજન થાય તેટલો સામાન અમારી પાસે ઉપલબ્ધ છે જ અને આવતી કાલની ચિંતા તો પ્રભુ પરમાત્મા કરશે. જો અમારી પાસે આજના ભોજન માટે સામાન ન હોત તો અમે તમારી ભેટનો સ્વીકાર કરતા.

શેઠાણી પોતાના પતિને લઈને સંતના આશ્રમથી પરત રવાના થાય છે.રસ્તામાં શેઠાણી કહે છે કે તમે તમારા પ્રશ્નનું સમાધાન તો સંતને પુછ્યું નહી? ત્યારે વેપારી કહે છે કે પુછ્યા વિના જ મારા પ્રશ્નનું સમાધાન મળી ગયું છે.સંતને કાલની ચિંતા નથી અને મને આવનાર આઠમી પેઢીની ચિંતા થઇ રહી હતી. એક પ્રભુ પરમાત્મા ઉપર વિશ્વાસ ન હોવાથી જ આવું બને છે. જેનો પ્રભુ પરમાત્મા ઉપર અટલ વિશ્વાસ હોય છે તેની અવસ્થા આવી હોય છે અને આવી અવસ્થાવાળાને સંગ્રહની જરૂર પડતી નથી.બધાનો વિશ્વાસ રાખજો પરંતુ પોતાના મનનો વિશ્વાસ ના રાખશો.કયા સમયે ફરી જાય, ફેરવી નાખે, કેટલાકને મનને રમાડ્યા તો કેટલાક મનને રમાડે છે.વિશ્વાસનો સંબંધ બુદ્ધિ સાથે છે અને શ્રદ્ધાનો સંબંધ હૃદય સાથે છે.વિશ્વાસ વિના ભક્તિ થતી નથી,ભક્તિ વિના ભગવાન પિગળતા નથી અને ભગવાનની કૃપા વિના જીવ સ્વપ્નમાં પણ શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી.પ્રભુ પરમાત્માએ અમારા જન્મ પહેલાં અમારી પરવરીશ માટેના સામાનની વ્યવસ્થા કરેલ છે. ''જબ દાંત નહી થા તબ દૂધ દીયા,અબ દાંત દિયા તો અન્ન ન દે?× આમ હોવા છતાં ચિંતા કરીને પરેશાન કે બેચૈન થવું એ પ્રભુ પરમાત્મામાં વિશ્વાસનો અભાવ દર્શાવે છે.

ઘણીવાર અમે નિરર્થક અને અંતહીન કામનાઓના કારણે અનાવશ્યક ચિંતાઓ અને તનાવથી દુ:ખી થઈએ છીએ.કામનાઓનો ત્યાગ કરવાથી જ અમે સહજ જીવન જીવી શકીએ છીએ.

હેમલતાબેન સોનેરા
ઓઢવ,અમદાવાદ

## સોના-ચાંદીના વાયદામાં તેજીની આગેકૂચ: સોનું રૂ.૧૦૦ અને ચાંદી રૂ.૨૪૬ વધ્યા

# ક્રૂડ તેલમાં પ્રત્યાઘાતી ઘટાડો: કોટનમાં નરમાઈનો માહોલ: મેન્થા તેલ, રબરમાં સુધારો: બુલડેક્સ વાયદામાં ૧૧૨ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૦,૭૭૩ સોદાઓમાં કુલ રૂ.૧૪,૨૮૮.૭૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના એપ્રિલ વાયદામાં ૧૧૨ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૦,૫૦૬ સોદાઓમાં કુલ રૂ.૪,૦૪૧.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૩,૨૪૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૩,૩૯૯ અને નીચામાં રૂ.૫૩,૦૮૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૦ વધી રૂ.૫૩,૩૭૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૦ વધી રૂ.૪૨,૪૩૧ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ વધી રૂ.૫,૨૭૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩,૦૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૧૩ વધી રૂ.૫૩,૨૧૭ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૯૯૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦,૩૨૩ અને નીચામાં રૂ.૬૯,૬૨૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૨૪૬ વધી રૂ.૭૦,૨૨૨ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ. ૨૩૧ વધી રૂ.૭૦,૨૭૯ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૨૨૭ વધી રૂ.૭૦,૨૮૦ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૮૧૬ સોદાઓમાં રૂ.૧,૬૨૨.૯૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૫૫ વધી રૂ.૨૭૪.૧૦ અને જસત એપ્રિલ વાયદો રૂ.૫ ઘટી રૂ.૩૭૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩.૯૦ ઘટી રૂ.૮૩૩.૧૫ અને નિકલ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૪ ઘટી રૂ.૨,૫૦૫.૬૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૦ ઘટી રૂ.૧૮૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૭,૪૬૯ સોદાઓમાં કુલ રૂ.૪,૩૪૬.૮૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૨૮૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૨૮૭ અને નીચામાં રૂ.૮,૦૬૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૦૦ ઘટી રૂ.૮,૧૩૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯.૨૦ ઘટી રૂ.૫૭૮.૧૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૪૩૫ સોદાઓમાં રૂ.૧૪૭.૪૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન એપ્રિલ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૪,૯૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૪,૯૭૦ અને નીચામાં રૂ.૪૪,૦૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૦ ઘટી રૂ.૪૪,૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૨૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૭ વધી રૂ.૧૭૧૯૯ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૩૦ વધી રૂ.૧૦૭૯.૪૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૨૨૧ સોદાઓમાં રૂ.૧,૯૪૧.૩૩ કરોડનાં ૩,૬૪૮.૬૩૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫૭,૨૮૫ સોદાઓમાં કુલ રૂ.૨,૧૦૦.૦૪ કરોડનાં ૨૯૯.૩૯૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬,૮૩૮ સોદાઓમાં રૂ.૧,૫૯૬.૫૧ કરોડનાં ૧૯,૫૫,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૩૦,૬૩૧ સોદાઓમાં રૂ.૨,૭૫૦ કરોડનાં ૪૬૮૯૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૭૮૦ સોદાઓમાં રૂ.૧૧૭.૪૬ કરોડનાં ૨૬૩૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૬૪૫ સોદાઓમાં રૂ.૨૯.૮૦ કરોડનાં ૨૭૩.૨૪ ટન, રબરના વાયદાઓમાં ૧૦ સોદાઓમાં રૂ.૦.૧૯ કરોડનાં ૧૧ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૨૧૭.૫૭૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૪૪૧.૯૨૮ ટન, ક્રૂડ તેલમાં ૫૭૦૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૪૭૧૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૨૬૫૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૨.૫૨ ટન, રબરમાં ૭૫ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૮૩૫ સોદાઓમાં રૂ.૭૨.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૮૩૫ સોદાઓમાં રૂ.૭૨.૨૧ કરોડનાં ૯૩૦ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૮૭૭ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૫,૫૩૩ના સ્તરે ખૂલી, ૧૧૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૭ પોઈન્ટ વધી ૧૫,૫૭૮ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪૧૭૧૨ સોદાઓમાં રૂ.૪,૦૫૭.૯૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭૫.૧૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૫.૩૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૭૬.૫૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૧૯૯.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૧૯.૬૧ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં નેચરલ ગેસ એપ્રિલ રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૪.૯૫ ખૂલી, ઉપરમાં રૂ.૨૪.૯૫ અને નીચામાં રૂ.૧૨.૮૫ રહી, અંતે રૂ.૯.૧૫ ઘટી રૂ.૧૬ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૪૭ ખૂલી, ઉપરમાં રૂ.૪૪૭ અને નીચામાં રૂ.૩૪૨ રહી, અંતે રૂ.૧૦૦.૩૦ ઘટી રૂ.૩૬૮.૬૦ થયો હતો. સોનું મે રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૦૦૫.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૧,૦૯૭.૫૦ અને નીચામાં રૂ.૯૩૪ રહી, અંતે રૂ.૬૯.૫૦ ઘટી રૂ.૧,૦૬૫ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો નેચરલ ગેસ એપ્રિલ રૂ.૫૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮ ખૂલી, ઉપરમાં રૂ.૨૬ અને નીચામાં રૂ.૧૪.૬૦ રહી, અંતે રૂ.૭.૭૦ વધી રૂ.૨૪.૮૫ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૮૫ ખૂલી, ઉપરમાં રૂ.૪૭૩.૬૦ અને નીચામાં રૂ.૩૮૫ રહી, અંતે રૂ.૫૪.૩૦ વધી રૂ.૪૩૪.૨૦ થયો હતો. સોનું મે રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧ ખૂલી, ઉપરમાં રૂ.૧૬૬.૫૦ અને નીચામાં રૂ.૧૩૫ રહી, અંતે રૂ.૯.૫૦ ઘટી રૂ.૧૪૨ થયો હતો.

# તૃષા સોલંકીની હત્યા બાદ વડોદરાની ગુમ યુવતીની લાશ,પ્રેમમાં હત્યાની આશંકા



વડોદરા,તા.૧૯

તૃષા સોલંકીની હત્યાના પડઘા હજુ સુધી શાંત થયા નથી ત્યારે વડોદરામાંથી ગુમ થયેલી યુવતીની લાશ મળતા ચકચાર મચી ગઇ છે. મીરા સોલંકીની હત્યા કરાયેલી લાશ તિલકવાડા વિસ્તારના એક ખેતરમાંથી મળી આવી હતી. વડોદરાના માંજલપુર દરબાર ચોકડી પાસે રહેતી અને ધોરણ ૧૨ની પરીક્ષા આપી ચૂકેલી ૨૦ વર્ષીય યુવતી મીરા સોલંકીની માતાપિતાની એકની એક દીકરી હતી. મીરાની લાશ મળ્યા બાદ ઘટના સ્થળે લોકોનાં ટોળે ટોળાં ઉમટ્યા હતા. પોલીસે યુવતીની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. આ મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે, મીરાએ તેની પિતરાઈ બહેનને વોટ્સએપ પર મેસેજમાં કહ્યુ હતું કે, હું સંદીપ સાથે છું. ચિંતા કરશો નહીં, રવિવારે સાંજ સુધીમાં ઘરે આવી જઈશ

આ અંગે મળતી માહિતી મુજબ, શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી દરબાર ચોકડી પાસે બળિયાદેવ મંદિર નજીક મીરા નિલેશભાઈ સોલંકી તેના માતા અને પિતા સાથે રહેતી હતી. મીરા બે દિવસ પહેલા પોતાના ઘરેથી નીકળી હતી પરંતુ મોડી રાત્રી સુધી તે ઘરે પરત ન ફરતાં પિતા નિલેશભાઈએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં દીકરી ગુમ થઈ હોવાની જાણ કરી હતી. મીરા સોલંકીએ તાજેતરમાં જ ધોરણ ૧૨ની પરીક્ષા આપી હતી.

મીરાનો મૃતદેહ નર્મદા જિલ્લાના તિલકવાડા વિસ્તારમાં આવેલા એક ખેતરમાંથી મળી આવ્યો હતો. આ ઘટના બાદ તિલકવાડા પોલીસે અજાણ્યા હત્યારા વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મીરાએ પિતરાઈ બહેનને વોટ્સએપ પર એક મેસેજ કર્યો હતો. જેમાં તેણે લખ્યું હતું કે, હું સંદીપ સાથે છું, ચિંતા ન કરશો. હું રવિવારે સાંજ સુધીમાં ઘરે પરત આવી જઈશ. જેથી જૂના પાદરા રોડ પર રહેતાં સંદીપ મકવાણા નામના યુવક સાથે મીરા ગઈ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ પ્રકરણમાં આશંકા એવી પણ સેવવામાં આવી રહી છે કે, પ્રેમ પ્રકરણમાં આ હત્યા થઈ હોઈ શકે છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે, ગળુ દબાવીને અને ડામ આપીને મીરાની હત્યા કરવામાં આવી છે. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં હત્યાનું સાચુ કારણ સામે આવી જશે. મીરાની હત્યા કેવી રીતે કરવામાં આવી એનું ચોક્કસ કારણ પણ બહાર આવશે.મીરા સોલંકીનો મોબાઈલ ફોન પણ ગુમ હોવાથી તેની પણ તપાસ હાથ ધરાઈ છે. આ મામલે તિલકવાડા અને માજલપુર પોલીસે હત્યાનો ભેદ ઉકેલવા માટે સંયુક્ત તપાસ હાથ ધરી છે. ઓલ્ડ પાદરા રોડ પર રહેતા સંદીપ મકવાણા સાથે મીરા સોલંકી તિલકવાડા તરફ ગઇ હતી. જેથી સંદીપ શંકાના દાયરામાં આવ્યો છે. તિલકવાડા પોલીસે સંદીપના માતા- પિતા સહિત પરિવારના ૪ સભ્યોની મોડી રાત સુધી પૂછતાછ કરવામાં આવી હતી.



ગુજરાતી સમાજ ઉદયપુર(રાજસ્થાન)૧૭/૪/૨૦૨૨ ના રોજ મળેલી સામાન્ય સભામાં શ્રી રાજેશ.ની.મહેતા ને પ્રમુખ તારીજ જાહેર કરવામાં આવ્યા હતા.૧૮/૪/૨૦૨૨ ના રોજ મળેલી કારોબારી માં સચિવ તરીકે શ્રી દિનેશભાઈ પટેલ ને જાહેર કરવામાં આવ્યા હતા.બંને ગુજરાતી મહાનુભાવો ને ખૂબ ખુબ અભિનંદન...સાથેસાથે બ્રહ્મ સમાજ તેમજ પાટીદાર સમાજ નું ગૌરવ.

# જલારામ ગૌશાળા, ભાભરનાં ટ્રસ્ટીઓ દ્વારા સદભાવના વૃદ્ધાશ્રમ તેમજ એનિમલ હેલ્પલાઈનની મુલાકાત લેવાઈ



શ્રી જલારામ ગૌશાળા (ભાભર, જિલ્લો બનાસકાંઠા)એ માંદી ગાયોની સારવાર ઓપરેશનો અને નિભાવ કરતી ગુજરાતની સૌથી મોટી ગૌ હોસ્પિટલ તથા ગૌશાળા છે. જયાં હાલ લગભગ ૧૧૦૦૦ જેટલી ગાયોની સારવાર તથા નિભાવ થઈ રહયો છે. ગૌ માતાઓની દેવભાવથી સેવા, સુશ્રુષા, બનાસકાંઠા જીલ્લાના અંતરીયાળ ભાભર ગામમાં આવેલ શ્રી જલારામ ગૌશાળા 'ની સ્થાપના આજથી ૩૬ વર્ષ પહેલા એકલ દોકલ ગાયોની સારવારના હેતુથી થયેલ હતી. આ સંસ્થા ભવિષ્યમાં ૧૧૦૦૦ ગાયો માટેના આવાસ (શેડો) ગાર્ડન, ઉપેક્ષિત વડિલો માટે × વડીલોનું વૈકુંઠ× વૃધ્ધાશ્રમ, નિરાધાર બાળાઓ તથા માનસિક અસ્થીર × મહિલાઓ માટે આશ્રમ શાળા, પંચગવ્ય આધારીત ઔષધાલય (દવાખાનું) સહ પશુ નિરીક્ષક (એલ.આઇ) કોલેજની સ્થાપના આવા અનેક શુભકાર્યો કરવાના સંકલ્પો છે. શ્રી જલારામ ગૌશાળા પરીવારના ટ્રસ્ટીઓ અને ગૌસેવકો લીલાધરભાઇ ઠકકર, મહેશભાઇ ઠકકર ગણાત્રા અને મોહનભાઇ પંખી સદભાવના વૃદ્ધાશ્રમ તેમજ કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઇનની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સંસ્થાના મિતલ ખેતાણી , ધીરુભાઈ કાનાબાર, રમેશભાઈ ઠક્કર દ્વારા તેમની સાથે જીવદયા,ગૌ સેવા , માનવતા જેવા મુદાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જામનગરમાં રાજવી જામ શત્રુશલ્યસિંહજી સાથે મુલાકાત કરી

જામનગર,તા.૧૯

બનાસ ડેરીના વિવિધ પ્રોજેક્ટનુ ઉદઘાટન કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જામનગર પહોંચ્યા હતાં તેઓએ અહીં વિશ્વ આયુર્વેદિક યુનિવર્સિટીના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.પ્રધાનમંત્રી જામનગરમાં ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરનું ભૂમિપૂજન કર્યું હતું તે પહેલા તેઓ સીધા જ જામનગરના પાયલોટ બંગલે પહોંચી જામનગરના રાજવી જામ શત્રુશલ્યસિંહજી સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદીએ જામરાજવી જામ શત્રુશલ્યસિંહજી સાથે મુલાકાત કર્યા બાદ એક ટ્વીટ કર્યું છે અને તેમણે જણાવ્યું હતું કે, જામ સાહેબના પરિવારની સુવાસ આજે પણ દુનિયામાં અને ખાસ કરીને યુરોપમાં મહેકે છે. એક વડીલ બંધુ તરીકેનો સ્નેહ જેમના તરફથી મને હંમેશાં મળ્યો છે એવા જામ સાહેબ શ્રી શત્રુશલ્યસિંહજી સાથે મુલાકાત કરી.

## ભાજપાના રાજ્યવ્યાપી સામાજિક ન્યાય પખવાડિયા અન્વયે

# ગાંધીનગર મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા આજરોજ સુપોષણ અભિયાન કાર્યક્રમ યોજાયો



ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલ ભાજપાના રાજયવ્યાપી સામાજિક ન્યાય પખવાડિયા અન્વયે ગાંધીનગર મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા સુપોષણ અભિયાન કાર્યક્રમ અંતર્ગત મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં આશાવર્કર તેમજ આંગણવાડીના બહેનોને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા. આજરોજ યોજાયેલ સુપોષણ અભિયાન કાર્યક્રમ અંતર્ગત વોર્ડ નં.૩ માં આદિવાડા ખાતે આયોજિત કાર્યક્રમમાં મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા કિશોરીઓને સેનેટરી નેપકીન, ધાત્રી માતાઓને બાળકોનાં કપડાં, કુપોષિત બાળકોને પ્રોટીન પાવડરનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ શ્રી ગૌરાંગ પટેલ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મહિલા મોરચાના પ્રમુખ પ્રિયા પટેલ, કોર્પોરેટરશ્રીઓ, અગ્રણીશ્રીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આદિવાડા ખાતેના કાર્યક્રમમાં ઋષિવંશી ટ્રસ્ટ દ્વારા નાસ્તાની વ્યવસ્થા, પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર દ્વારા કિશોરીઓને સેનેટરી નેપકીન, મહાનગર મહિલા મોરચાના મહામંત્રી હર્ષાબા દ્વારા કપડા આપવામાં આવ્યા હતા.

વિવિધ વોર્ડમાં ભાજપા સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરોએ આંગણવાડીમાં આશાવર્કર તેમજ આંગણવાડીના બહેનોને સર્ટિફિકેટથી સન્માનિત કરવા ઉપરાંત બાળકોને પૌષ્ટિક ફળફળાદીનું વિતરણ કર્યુ હતું.

## ૧૪૭૮ જેટલા લાભાર્થીઓએ વિવિધ તબીબી સેવાઓનો લાભ લીધો

# અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે"આરોગ્ય મેળો" યોજાયો

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે રાજ્યના તમામ તાલુકા મથકોએ તા. ૧૮ થી ૨૨ એપ્રિલ દરમ્યાન દરેક તાલુકાઓને આવરી લેતા રાજયવ્યાપી આરોગ્ય મેળાઓનું વિશિષ્ઠ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાનો આરોગ્ય મેળો આજ રોજ વિરમગામ ખાતે યોજાયો હતો.

આ આરોગ્ય મેળાના માધ્યમથી કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જન આરોગ્યલક્ષી જુદા-જુદા કાર્યક્રમો અને યોજનાઓ થકી લોકોને માહિતગાર કરવામાં આવશે. આરોગ્ય મેળામાં લોકોને એક જ સ્થળેથી આરોગ્ય સેવાઓ અને જુદી-જુદી આરોગ્યલક્ષી યોજનાઓના લાભ આપવામાં આવશે. આયુષ્માન ભારત ડિજિટલ હેલ્થ મિશન હેઠળ યુનિક આઈ-ડી કાર્ડ બનાવવામાં મદદ મળશે. ટી.બી.નિર્મૂલન કાર્યક્રમને સફળ બનાવવા માટે સઘન પ્રયાસો હાથ ધરાશે. જરૂરિયાતમંદ અને પાત્રતા ધરાવતાં લાભાર્થીઓને આયુષ્માન ભારત કાર્ડની સુવિધા આપવામાં આવશે. પ્રાથમિક આરોગ્ય સંભાળ અને આરોગ્ય સેવાઓ થકી ઝડપી નિદાન દવાઓ, ટેલિકન્સલ્ટેશન જેવી પ્રવૃત્તિઓ દ્વારા સ્ક્રિનિંગ સુવિધા આપવામાં આવશે.ચેપી તથા બિન-ચેપી રોગોના નિયંત્રણ માટે જરૂરી પગલાં લેવા અંગે પણ લોકોને શિક્ષિત કરવામાં આવશે.

મહાત્મા ગાંધી સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ વિરમગામ ખાતે હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિરમગામ તાલુકાના પૂર્વ ધારાસભ્ય ડૉ.તેજશ્રીબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં આરોગ્ય મેળાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આરોગ્ય મેળામાં ૧૪૭૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો અને ૧૦૧ રક્તદાતાઓએ સ્વૈચ્છીક રક્તદાન કર્યુ હતુ. તમામ રક્તદાતાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આરોગ્ય મેળામાં બ્લડપ્રેશર ડાયાબિટીસ સ્ક્રિનિંગ, મોતિયા સહિત આંખની તપાસ, હેલ્થ આઈડી, ટેલીકન્સલ્ટિંગ, પીએમજય કાર્ડ, જનરલ ઓપીડી, આયુષ ઓપીડી, પ્રિકોશન ડોઝ કોવિડ વેક્સિનેશન, લેબોરેટરી તપાસ, નિ:શુલ્ક દવા વિતરણ, આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓનું આઇઇસી પ્રદર્શન, વાહક જન્ય રોગ નિયંત્રણ માટે ફોગીંગ મશીન, નેપસેક પંપ, ફોગર મશીન, અબેટ, પોરા નિદર્શન, ડાયફ્લુબેન્ઝ્યુરોન સહિતના દવા સાધનોનું નિદર્શન-માહિતી, આઇસીડીએસ વિભાગનું



આઇઇસી પ્રદર્શન તથા ફુડ સેફટી વિભાગ દ્વારા ડેમોસ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓને નિદાન સારવાર ઉપરાંત સ્વસ્થ્ય જીવનશૈલી અપનાવવા માટેની મહત્વની જાણકારી પણ આપવામાં આવી હતી. આ મેળામાં અલગ અલગ આરોગ્યલક્ષી માહિતી પૂરી પાડતા સ્ટોલ ગોઠવીને વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ આયુષ્યમાન ભારત કાર્ડ સ્થળ પર કાઢી આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો શૈલેષભાઈ પરમારે જણાવ્યુ હતુ કે, રાજય સરકારશ્રી દ્વારા સમગ્ર રાજયમાં બ્લોક હેલ્થ મેળા યોજીને લોકોને ઘર આંગણે જ આરોગ્યલક્ષી સુવિધાઓ પુરી પાડવાનો અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. આ આરોગ્ય મેળામાં સ્વચ્છરૂ કાર્ડ સહિત વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓનો લાભ લોકો સરળતાથી અને વિના મૂલ્યે લઇ શકે તે માટે તા. ૧૮ થી ૨૨ મી એપ્રિલ ૨૦૨૨ દરમિયાન તાલુકાકક્ષાએ બ્લોક હેલ્થ મેળાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. આ આરોગ્ય મેળાનો વધુમાં વધુ લાભાર્થીઓ લાભ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો ચિંતનભાઈ દેસાઇ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, સીડીપીઓ મિતાબેન જાની સહિત મોટી સંખ્યામાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મનીષા પ્રધાન

# વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ અસ્થિ સુમનનું સ્વાન રીવર, પર્થ - ઓસ્ટ્રેલિયામાં વિસર્જન



સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશીય ગુરુ પરંપરાના પંચમ વારસદાર વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય સ્વામીજી મહારાજ ઓસ્ટ્રેલિયામાં પરિવ્રાજક સમ સત્સંગ વિચરણ કરીને હજારો હરિભક્તો પર સંસ્કાર વર્ષા કરીને સત્સંગની હરિયાળી પાથરી છે. તેના પરિપાક રૂપે આજે પર્થ, સીડની, મેલબોર્ન, એડિલેડ, બ્રિસ્બેન વગેરે શહેરોમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આશ્રિતો વસે છે. અષ્ટોત્તર શતનામ જનમંગલના નામોચ્ચાર સહ પૂજન અર્ચન સુસંપન્ન થયા બાદ પરમ પવિત્ર પુણ્યસલીલા સ્વાન રીવરમાં અવિસ્મરણીય દિને વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનાં પવિત્ર અસ્થિ સુમન - પુષ્પોનું વિસર્જન કરવામાં આવ્યું હતું. વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ અસ્થિ સુમન વિસર્જન અવસરે સ્વાન રીવર પર્થના કાંઠે પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજનું મહિમા ગાન, ધૂન અને કીર્તન સ્તવન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ

તેઓશ્રીના અનુગામી શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તથા મોટેરા સંતો-મહંતો અને હરિભક્તોએ અસ્થિ કુંભનું કંકુ-ચોખા, અબીલ ગુલાલ, પુષ્પોથી વૈદિક મંત્રોચ્ચાર સહ પૂજન અર્ચન કર્યા બાદ સર્વેએ આરતી ઉતારી હતી. જનમંગલના નામ રટણ સહ અને કઠોર હ્રદયે સર્વે સંતો - ભક્તોએ અસ્થિ કુંભને વધાવ્યો હતો. સવારના માંગલિક વાતાવરણમાં સર્વે પૂજ્ય સંતો તથા હરિભક્તોએ સ્વાન રીવરના નીરમાં ઊભા રહી વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે ×સ્વામિનારાયણ× મહામંત્રની ધૂન્ય કરી હતી. ત્યાર પછી પરમ પૂજય આચાર્ય સ્વામીશ્રીએ પુણ્યસલિલા સ્વાન સરિતાને પાવન કરતાં શ્રી હરિકૃષ્ણ મહારાજની દિવ્ય દ્રષ્ટિ દ્વારા અસ્થિ સુમન વિસર્જનના મુખ્ય સંકલ્પ સાથે પરમ પૂજ્ય આચાર્ય સ્વામીશ્રી મહારાજે શ્રી હરિકૃષ્ણ મહારાજની દ્દષ્ટિ કરાવતા વેદરત્ન આચાર્ય સ્વામીજી મહારાજના અસ્થિ સુમનોનો અભિષેક સ્વાન રીવરમાં કર્યો. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા સાર્વભૌમ નાદવંશીય પરંપરાના પાદારવિન્દથી પાવન થયેલી સ્વાન રીવર ઉત્સાહિત દીસતી હતી. વેદરત્ન આચાર્ય સ્વામીજી મહારાજ એવા પુરુષ હતા કે જેમનું અસ્થિવિસર્જન ચાણોદ, સાબરમતી નદી, મહિસાગર નદી - કડાણા ડેમ, પુણ્યસલીલા ભાગીરથી - ગંગા નદી, માંડવી સમુદ્ર, થેમ્સ રીવર - લંડન, લેઈક ડિસ્ટ્રિક્ટ - યુકે, મોમ્બાસા - હિન્દ મહાસાગર, આફ્રિકા અને સ્વાન રીવર, પર્થ ઓસ્ટ્રેલિયા વગેરેમાં થયું છે. આમ તો આખા બ્રહ્માંડમાં થાય એવું છે પણ આપણે મર્યાદા પ્રમાણે જ્યાં જ્યાં સગવડ થઈ, અનુકૂળતા થઈ ત્યાં ત્યાં કર્યું છે અને કરવાનું છે. સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાને સદ્ધર્મરત્નાકર આચાર્ય સ્વામીજી મહારાજે ધારણ કરેલા એવા એ મહાન પુરુષ હતા.

# થાઈલેન્ડથી ગુજરાત ફરવા આવેલી પાંચ યુવતીઓ દારૂની બોટલો સાથે ઝડપાઈ



વલસાડ,તા.૧૯

ગુજરાતમાં દેશી કે વિદેશી દારૂ પકડાઈ તે વાતમાં કોઈને નવાઈ ન લાગે. એક-બે બોટલ તો ઠીક, ટ્રકો ભરીને વિદેશી દારૂ ઝડપાયાના દાખલા છે. બીજી તરફ વલસાડ જિલ્લાની પારડી પોલીસે વિદેશી દારૂ સાથે થાઈલેન્ડની પાંચ યુવતીઓને ઝડપી પાડી છે. મળતી માહિતી પ્રમાણે આ પાંચેય યુવતીએ ફરવા માટે આવી હતી. પાંચેય યુવતીએ દમણથી ફરીને પરત ગુજરાત આવી રહી હતી. આ દરમિયાન તેમની પાસેથી દારૂની બોટલો મળી આવી હતી.

આ મામલે પારડી પોલીસે કાર્યવાહી કરી છે. દમણથી સાથે લાવેલી વિદેશી દારૂની બોટલો સાથે પારડી પોલીસે આ પાંચેય વિદેશી યુવતીઓને ઝડપી લીધી હતી. તમામ વિરુદ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

બનાવની વિગત મુજબ સંઘપ્રદેશ દમણમાંથી ગુજરાતની હદમાં પ્રવેશતા વલસાડ જિલ્લાની પારડી પોલીસ સ્ટેશનની કલસર ચેકપોસ્ટ પર પોલીસ ચેકિંગમાં હતી. આ દરમિયાન દમણ તરફથી આવી રહેલી એક ઈકો કારને પોલીસ અટકાવી હતી. પોલીસે કારને રોકી અંદર તપાસ કરતાં કારમાં પાંચ વિદેશી યુવતીઓ સવાર હતી.

ચેક પોસ્ટ પર પોલીસે કાર અને તેમની પાસે રહેલી બેગની તલાસી લેતા યુવતીઓ પાસે રહેલી બેગોમાંથી મોંઘી બ્રાન્ડની આઠ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. જે બાદમાં પોલીસે આ તમામ યુવતીઓની અટકાયત કરી હતી.

પોલીસ તમામ યુવતીઓને પોલીસ સ્ટેશન લાવી હતી. પાંચેયની પૂછપરછ કરતા યુવતીઓ થાઈલેન્ડ મૂળની હોવાની માહિતી મળી હતી. તમામ યુવતીઓ સુરત અને ભરૂચથી કાર ભાડે કરી અને દમણ સહેલગાહે આવી હતી. અહીં ખાવા-પીવાની મોજ કરીને દમણથી પરત ગુજરાત આવી રહી હતી. તમામ પરત ફરી રહી હતી ત્યારે જ પારડીની કલર ચેકપોસ્ટ પર પોલીસ ચેકિંગ દરમિયાન વિદેશી દારૂની બોટલો સાથે ઝડપાઈ ગઈ હતી. આ વિદેશી યુવતીઓ પાસે દારૂની કોઈ પાસ કે પરમીટ નહીં મળતાં પોલીસે તેમની ધરપકડ કરી હતી. પોલીસ તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ મામલામાં ૪૦ હજારનો વિદેશી દારૂ અને કાર સહિતને જપ્ત કરી છે.

# ચાણસ્મા ડેપો ની ૩૦ બસો વડાપ્રધાનના કાર્યક્રમમાં મુકવામાં આવતા મુસાફરો અને પરીક્ષાર્થીઓ રઝળ્યા

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ત્રણ દિવસ સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે છે ત્યારે બનાસકાંઠામાં દિયોદર ખાતે બનાસ પ્લાન્ટનું લોકાર્પણ કરવા માટે આવવાના હતા અને મહિલા પશુપાલકોને સંબોધન કરવાના હોય ચાણસ્મા ડેપો ખાતે થી ૩૦ એસટી બસો વડાપ્રધાનના કાર્યક્રમમાં મુકવામાં આવતા હાલમાં ચાલી રહેલી વિદ્યાર્થીઓની પરીક્ષાઓના કારણે પરીક્ષા આપવા જઇ રહેલા વિદ્યાર્થીઓ ઈફ્ડફ્ફ્ઁ પડતાં તેનો ભોગ બન્યા હતા અને ન શકી

જ્યારે ચૈત્ર માસ ચાલુ હોય ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા જઈ રહેલા મુસાફરો તેમજ લગ્ન પ્રસંગ પણ ચાલતો હોય સામાજિક પ્રસંગમાં હાજરી આપવા ગયેલા મુસાફરો ચાણસ્મા ડેપો એસટી બસો પ્રધાનમંત્રી ના કાર્યક્રમ મૂકવામાં આવેલી હોવાથી ગામડાઓમાં જનારી એસટી બસો રદ કરાતા મુસાફરો ને નાછૂટકે ખાનગી વાહનો ના સહારે પ્રસંગોમાં હાજરી આપવા જવું પડ્યું હતું અને હેરાનગતિ નો ભોગ બનવું પડ્યું હતું

પરીક્ષાર્થીઓ શું કહે છે

હાલમાં પ્રાથમિક શાળાથી માંડીને કોલેજ કક્ષા સુધીના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ ચાલતી હોવાથી પરીક્ષા આપવા જઇ રહેલા કંબોઈ અને ભાટસર ના પરીક્ષાર્થી વિમલભાઈ પટેલ અને પ્રતિક્ષાબેન વ્યાસે જણાવ્યું હતું કે હાલમાં કોલેજની અમારી પરીક્ષાઓ ચાલી રહી છે આજે પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં ચાણસ્મા ડેપો ની બસો મૂકાઇ હોવાથી મોટાભાગની લોકલ બસ રદ કરાઈ છે જેના કારણે પરીક્ષા આપવા માટે પરીક્ષા સ્થળે સમય પહોંચવા ખાનગી વાહનોનો સહારો લેવો પડી રહ્યો હોવાનું જણાવ્યું હતું

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.